આંક–: ૭
દાખલ તારીખ: ૧૧–૧૨–૧૭
રજી. તારીખ: ૧૧–૧૨–૧૭
ફેસલ તારીખ: ૨૩–૩–૧૮
અવધિ : વર્ષ – માસ – દિવસ
૩ ૧૨

રાજકોટના મહે.સાતમાં એડીશનલ સેશન્સ જજ સાહેબની કોર્ટમાં, મુ.રાજકોટ

ફોજદારી અપીલ નં.૨૩૯/૨૦૧૭

લાલસિંહ ઉમેદસિંહ જાદવ
હિન્દુ, પુખ્ત, ધંધો–નોકરી
ઠે. "કૃષ્ણ કુંજ", લક્ષ્મીનગર શેરી નં.૨
નાના મવા મેઈન રોડ,
મુ.રાજકોટ. ::::::::::::::એપેલન્ટ
(મુળ આરોપી)

વિ રૂ ધ્ધ

સીટીઝન કો.ઓ.બેન્ક લી., વતી
ચંદ્રસિંહ ડી. ઝાલા – રીકવરી મેનેજર
હિન્દુ, પુખ્ત, ધંધો–નોકરી
ઠે. ભાભા ગેસ્ટ હાઉસ પાસે,
જવાહર રોડ,
મુ. રાજકોટ. ::::::::::::રીસ્પોન્ડન્ટ
(મુળ ફરીયાદી)

બાબતઃ સી.આર.પી.સી.કલમ ૩૭૪(૩)(એ) મુજબ સજાના હુકમ સામે અપીલ

::

એપેલેન્ટ/મુળ આરોપી તરફે	:	વિ.વ.શ્રી કે. પી. શાહ
સામાવાળા/મુળ ફરીયાદી તરફે	:	વિ.વ.શ્રી એ.એ.ચાંપાનેરી

::

ચુકાદો

(૧) હાલની આ ફોજદારી અપીલ મુળ આરોપીએ રાજકોટના વિધ્વાન ૧૨માં એડીશનલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટશ્રીએ તેમની સમક્ષના ફોજદારી કેસ નં.૧૬૬૪/૨૦૧૫ ના કામે એપેલન્ટ/મુળ આરોપીને તેમની વિરૂધ્ધના નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ મુજબના ગુના સબબ તકસીરવાન ઠરાવી કરેલ સજા અને વળતરના હુકમ સામે દાખલ કરવામાં આવેલ છે. અપીલ ના અનુસંધાને નોટીસ કરતા સામાવાળા મુળ ફરીયાદી બેન્ક તરફે વિધ્વાન વકીલશ્રી એ.એ.ચાંપાનેરી ઉપસ્થિત થયેલ છે.

(૨) એપેલન્ટ મુળ આરોપી સામે ફરીયાદપક્ષનો કેસ ટુંકમાં એવો છે કે, ફરીયાદી સીટીઝન કો.ઓ.બેન્ક લી., ગુજરાત કો.ઓ.સોસાયટી એકટ હેઠળ નોંધાયેલ સહકારી બેન્ક છે અને બેન્કીગનો બીઝનેશ કરે છે અને તેના વતી ફરીયાદીને તમામ કાર્યવાહી કરવા ઓથોરીટી આપવામાં આવેલ છે. આ કામના આરોપીએ ફરીયાદી બેન્ક પાસે લોનની માંગણી કરતા ફરીયાદીની તરફેણમાં દસ્તાવેજો કરી આપતા ફરીયાદી બેન્કે આરોપીને લોન ખાતા નં.સીએસ–૩૨૦૯ થી લોન પુરી પાડેલ, જે લોનની લેણી રકમ પેટે આરોપીએ ફરીયાદી બેન્કનો ચેક નં.૦૦૦૦૦૧ રૂા.૯૦,૦૦૦/– નો તા.૮–૧–૧૫ નો આપેલ ત્યારે સદર ચેક બેન્કમાં રજુ કર્યેથી ફરીયાદીની લેણી રકમ મળી જશે તેવો વિશ્વાસ અને વચન આપેલ બાદ ફરીયાદીએ સદર ચેક તેમની બેન્કમાં કલીયરીગ માટે રજુ કરતા સદર ચેક "ફંડસ ઈન સફિશ્યન્ટ" ના શેરા સાથે તા.૮–૧–૨૦૧૫ નાં રોજ પરત ફરેલ જેથી ફરીયાદી બેન્કે કાયદાની જોગવાઈ મુજબ તેમના વકીલશ્રી મારફત આરોપીને રજીસ્ટર્ડ એ.ડી. પોસ્ટથી નોટીસ આપેલ, જે નોટીસ તેમને ધોરણસર બજી ગયેલ હોવા છતાં સમય મર્યાદામાં ફરીયાદીને લોન પેટે બાકી રહેતી ચેકની એમાઉન્ટ નહી ચુકવતા ફરીયાદી બેન્કના રીકવરી મેનેજરશ્રીએ આરોપી વિરૂધ્ધ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ અન્વયે ફરીયાદ દાખલ કરેલ, જે ફોજદારી કેસ નં.૧૬૬૪/૨૦૧૫ થી રજીસ્ટરે લઈ પુરાવાના અંતે બંને પક્ષકારો ને સાંભળીને ક્રિ.પ્રો.કોડની કલમ ૨૫૫(૨) અન્વયે આરોપીને તેમની વિરૂધ્ધના

ગુના સબબ તકસીરવાન ઠરાવી છ માસની સાદી કેદની સજા તથા રૂપિયા નેવુ હજાર વળતર પેટે ચુકવવાનો હુકમ ફરમાવેલ. જે હુકમથી નારાજ થઈને મુળ આરોપીએ હાલની આ અપીલ દાખલ કરેલ છે.

(૩) એપેલન્ટ/આરોપી તરફે હાલની આ અપીલ દાખલ કર્યા બાદ એપેલન્ટ કે તેમના વિધ્વાન વકીલશ્રી હાજર રહેલ નથી કે કોઈ લેખીત કે મૌખીક રજુઆત કરેલ નથી, જેથી અપીલ મેમોમાં જણાવ્યા મુજબની રજુઆતો વંચાણે લીધી. જયારે રીસ્પોન્ડન્ટ મુળ ફરીયાદી બેન્ક તરફે વિધ્વાન વકીલશ્રી એ.એ.ચાંપાનેરીને સાંભળ્યા.

(૪) એપેલન્ટ મુળ આરોપી તરફે રજુ કરવામાં આવેલ હાલની આ અપીલના કામમાં અપીલ મેમોમાં ધ્વારા એવી રજુઆત કરેલ છે કે, નીચેની અદાલતે તેમની સમક્ષના ફોજદારી કેસ નં.૧૬૬૪/૨૦૧૫ ના કામમાં તા.૬–૧૧–૨૦૧૭ નાં રોજ ફરમાવેલ હુકમ મુળથી જ ગેરકાયદેસરનો, ગેરબંધારણીય અને કાયદાની જોગવાઈથી વિરૂધ્ધનો, એબઈનીસ્યો વાઈડ અને વીધાઉટ પ્રોપર એપ્લીકેશન ઓફ માઈન્ડ અને ઉપલી અદાલતો ધ્વારા અપાયેલ માર્ગદર્શક સિધ્ધાંતોથી વિરૂધ્ધનો હોય રદ થવાને પાત્ર છે. તેઓએ વધુમાં એવી પણ રજુઆત કરેલ છે કે, ટ્રાયલ કોર્ટે તેમની સમક્ષ રજુ થયેલ પુરાવાનું યોગ્ય રીતે અર્થઘટન કરેલ નથી અને ફરીયાદીને આવી ફરીયાદ દાખલ કરવા કોઈ અધિકાર નથી તેમજ ફરીયાદપક્ષ નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ ના પ્રબંધો પુરવાર કરી શકેલ નથી અને આરોપીએ ફરીયાદી બેન્ક પાસેથી કેટલી રકમની લોન લીધેલ, તે પૈકી કેટલી લોન ભરપાઈ કરેલી અને કેટલી રકમ બાકી છે તે સબંધે કોઈ સ્પષ્ટ પુરાવો કે લોન ખાતાનો ઉતારો કે અન્ય કોઈ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી અને માત્ર આરોપીએ લોન પેટે એડવાન્સ આપેલ કોરા ચેકમાં ખોટી રીતે રકમ ભરી દીધેલ હોવા છતાં અને કાયદાની જોગવાઈ મુજબ કલમ ૧૩૮(બી) મુજબ કોઈ નોટીસ આપેલ ન હોવા છતાં ટ્રાયલ કોર્ટે ફરીયાદીનો પુરાવો એક તરફી રીતે માની લઈ કરેલ સજા

અને વળતરનો હુકમ મુળથી જ ગેરકાયદેસર, ગેર બંધારણીય અને કાયદાની જોગવાઈઓ વિરૂધ્ધનો હોય, સદર હુકમ રદ કરી હાલની આ અપીલ મંજુર કરવા વિનંતી કરેલ છે.

(૫) જયારે સામાવાળા મુળ ફરીયાદી બેન્ક તરફે વિધ્વાન વકીલશ્રી ચાંપાનેરીએ એવી રજુઆત કરેલ છે કે, નીચેની અદાલતે તેમની સમક્ષ રજુ થયેલ તમામ પુરાવો ધ્યાને લઈ તેનું કાયદાની જોગવાઈઓ મુજબ અર્થઘટન કરી તે અંગે વિસ્તૃત કારણો અને તારણો આપી જે હુકમ ફરમાવેલ છે તે કાયદેસરનો અને ન્યાયી છે જેમાં કોઈ ગેરકાયદેસરતા આચરેલ હોય કે કાયદાની દ્રષ્ટીએ ભુલભરેલ હોય તેવુ માની શકાય તેમ નથી અને ટ્રાયલ કોર્ટ સમક્ષ કેસની કાર્યવાહી દરમ્યાન પક્ષકારો તરફે રજુ કરવામાં આવેલ લેખીત તથા મૌખીક દલીલો અને તેના સમર્થનમાં આધાર રાખેલ ચુકાદાઓ અને તેમાં પ્રસ્થાપિત કરવામાં આવેલ સિધ્ધાંતો ધ્યાને લઈ તે અંગે વિસ્તૃત છણાવટ કરી આરોપીને તેમની વિરૂધ્ધના ગુના સબબ તકસીરવાન ઠરાવી કરેલ સજા તથા વળતરનો હુકમ યોગ્ય અને ન્યાયી હોય, હાલની આ અપીલના કામે તેમાં કોઈ હસ્તક્ષેપ કરવો ન્યાયી ન હોય, આરોપીની અપીલ રદ કરવા જણાવેલ છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, એપેલન્ટ તરફે હાલની આ અપીલ દાખલ થયા બાદ એપેલન્ટ જાતે કે તેમના વકીલશ્રી મારફત અત્રેની કોર્ટમાં ઉપસ્થિત રહેલ નથી કે સુનાવણીમાં સહકાર આપેલ નથી અને તે રીતે એપેલન્ટ માત્ર ટ્રાયલ કોર્ટના હુકમની અમલવારી ટાળવા પ્રયત્ન કરેલાનું જણાઈ આવે છે.

(૬) અપીલ મેમોમાં જણાવેલ રજુઆતો તથા ફરીયાદી બેન્ક તરફે કરવામાં આવેલ રજુઆતો ધ્યાને લીધી તથા નીચેની કોર્ટનું રેકર્ડ અને કેસની હકીકતો તથા સંજોગો ધ્યાને લેતા આ અપીલનો આખરી નિર્ણય કરવા માટે મારી સમક્ષ નીચેના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

–// મુ દ્દા ઓ //–

/૧/ શું રાજકોટના વિધ્વાન ૧૨માં અધિક ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ શ્રીએ તેમની સમક્ષના ફોજદારી કેસ નં.૧૬૬૪/૧૫ ના કામમાં આંક–૩૮ થી તા.૦૬–૧૧–૨૦૧૭ નાં રોજ એપેલન્ટ/આરોપી ને ક્રિ.પ્રો.કોડની કલમ ૨૫૫(૨) અન્વયે નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ મુજબના ગુના સબબ તકસીરવાન ઠરાવી કરેલ સજા તથા વળતરનો હુકમ ગેરકાયદેસર, વીધાઉટ પ્રોપર એપ્લીકેશન ઓફ માઈન્ડ અને કાયદાની જોગવાઈ વિરૂધ્ધનો હોવાથી તેમાં હાલની આ અપીલના કામે હસ્તક્ષેપ કરવો જરૂરી જણાય છે ?

/૨/ શું હુકમ ?

(૭) ઉપરોકત મુદ્દાઓ પરત્વે મારા નિર્ણયો કારણો અને તારણો સાથે નીચે મુજબ છે.

/૧/ નકારમાં,

/૨/ આખરી હુકમ મુજબ.

–// કા ર ણો //–

(૮) સદર અપીલના કામે નીચેની કોર્ટ સમક્ષના ફોજદારી કેસનું રેકર્ડ મંગાવવામાં આવેલ, જે રેકર્ડ તથા વાદગ્રસ્ત હુકમ વંચાણે લીધો તથા ટ્રાયલ કોર્ટ સમક્ષ તપાસવામાં આવેલ સાહેદોનો પુરાવો અને રજુ કરેલ દસ્તાવેજી પુરાવો વંચાણે લીધો તથા પક્ષકારોના વકીલશ્રીઓને સાંભળ્યા.

(૯) હાલની આ અપીલના કામે મુળ આરોપી એપેલન્ટ તરફે ઉઠાવવામાં આવેલ મુદ્દાઓ જોવામાં આવે તો આરોપીએ મુખ્યત્વે ફરીયાદી પાસેથી કેટલી લોન લીધેલી અને તે પૈકી કેટલી લોનની ભરપાઈ કરી દીધેલ અને કેટલી રકમ બાકી છે તે સંદર્ભે ફરીયાદી તરફે કોઈ સ્પષ્ટ પુરાવો રજુ

રાખેલ નથી તેમ છતાં તેઓએ લોન મેળવવા માટે સીકયુરીટી પેટે જે કોરા ચેક આપેલા તેમાં ફરીયાદીએ ખોટી રીતે મોટી રકમ દર્શાવી તેમની સામે ખોટો કેસ કરેલાનું તેમજ કાયદાની જોગવાઈ મુજબ કલમ ૧૩૮(બી) મુજબની નોટીસ આપેલ નથી કે પક્ષકારો વચ્ચે કરવામાં આવેલ લોન એગ્રીમેન્ટનો કરાર રેકર્ડ ઉપર રજુ કરેલ નથી કે લોનની બાકી નીકળતા લેણાં દર્શાવવા માટેનો કોઈ હિસાબ પણ રજુ કરેલ નથી અને તેથી ફરીયાદપક્ષ કાયદેસરનું લેણુ પુરવાર કરી શકેલ નથી અને તે સંજોગોમાં ફરીયાદપક્ષનો કેસ માની શકાય તેમ નથી અને તે સબંધે તેઓએ ટ્રાયલ કોર્ટ સમક્ષ પણ રજુઆત કરેલ હોવા છતાં ટ્રાયલ કોર્ટે આ હકીકતો ધ્યાને નહી લઈ ફરીયાદપક્ષ આરોપી વિરૂધ્ધનો ગુનો નિઃશંકપણે પુરવાર કરવામાં સફળ રહેલાનું ઠરાવી આરોપીને કરેલ સજા અને વળતરનો હુકમ રદ થવાને પાત્ર હોય, હાલની આ અપીલ મંજુર કરવા અપીલ મેમોમાં રજુઆત કરવામાં આવેલ છે.

(૧૦) ઉપર જણાવ્યા મુજબ પ્રસ્તુત અપીલના કામે એપેલન્ટ/મુળ આરોપી તરફે જે મુદ્દાઓ ઉપસ્થિત કરવામાં આવેલ છે, તે સંદર્ભમાં ટ્રાયલ કોર્ટનું રેકર્ડ તથા ચુકાદો જોવામાં આવે તો ટ્રાયલ કોર્ટ સમક્ષ ફરીયાદીના પુરાવા દરમ્યાન આંક–૨૧ થી મુળ આરોપીએ ફરીયાદી બેન્ક પાસે જાત જામીનગીરીની લોન માટે કરેલ અરજી ફોર્મ કે જેમાં મુળ આરોપીએ બેન્ક પાસેથી રૂપિયા એક લાખની લોનની માંગણી કરી ફોર્મ ભરી ફોર્મમાં પોતાનો ફોટો તથા જામીનદારોના ફોટા અને અન્ય તમામ વિગતો તથા પુરાવા સાથે અરજી કરેલાનું જણાઈ આવે છે. વધુમાં આંક–૨૦ થી રજુ કરેલ બેન્કની બોર્ડ ઓફ ડીરેકટરર્સની મીટીગના ઠરાવ નં.૨૬ ની નકલ જોતા ફરીયાદી બેન્ક વતી ફરીયાદીને કાયદેસરની કાર્યવાહી કરવા સત્તાધિકાર આપવામાં આવેલાનું જણાઈ આવે છે. વધુમાં ટ્રાયલ કોર્ટનો ચુકાદો વંચાણે લેતા તેઓએ ઉપસ્થિત કરેલ મુદ્દા નં.૧ ના કારણમાં પ્રથમ નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ ના પ્રબંધોનો ચીતાર આપી તે અન્વયેનો ગુનો પુરવાર કરવા માટે ફરીયાદપક્ષે સૌ પ્રથમ નીચે મુજબના આવશ્યક તત્વો અને હકીકતો પુરવાર કરવાની રહે :

/૧/ તહોમતદારનું બેન્કમાં ખાતુ હોવુ જોઈએ અને તહોમતદારે તેના ધ્વારા નિભાવાતા ખાતામાંથી નાંણાની ચુકવણી કરવામાં આવે તે સારૂ ચેક લખીને પેઈને આપ્યો હોવો જોઈએ.

/૨/ સદરહુ ચેક, કાયદેસર રીતે અમલ કરાવી શકાય તેવા કોઈ કરજ અથવા જવાબદારી કાં તો સંપુર્ણપણે અંશતઃ અદા કરવામાં આવે તેવા હેતુથી લખવામાં આવ્યો હોવો જોઈએ.

/૩/ સદરહુ ચેક જે તારીખે લખવામાં આવ્યો હોય ત્યારથી છ માસની મુદૃતમાં અથવા તેની કાયદેસરતાની મુદતમાં (બંને પૈકી જે વહેલી હોય) બેન્કમાં રજુ કરવામાં આવ્યો હોવો જોઈએ.

/૪/ બેન્કે તે ચેક ચુકવણી કર્યા વિના પરત કર્યો હોવો જોઈએ. ચેક પરત કરવાના કારણમાં દર્શાવવામાં આવ્યુ હોય કે (અ) ચેકનો સ્વીકાર કરવા માટે તે ખાતામાં રકમ પુરતી નથી અથવા (બ) બેન્કની સાથે એ ખાતામાંથી ચુકવણી કરવાનીએ ખાતેદારે કરાર અનુસાર કરેલ ગોઠવણના કરતાં ચેકની રકમ વધુ થતી નથી.

/૫/ ચેક ચુકવાયા વગર પરત થયાની માહિતી મળ્યાના એક માસમાં તહોમતદારને (ચેક લખનારને) લેખીત નોટીસ આપીને તેની પાસે થી ઉકત રકમની ચુકવણી કરવાની માંગણી થઈ હોવી જોઈએ.

/૬/ ઉકત નોટીસ મળ્યાના પંદર દિવસમાં તહોમતદારે (ચેક લખનારે) પેઈ અથવા હોલ્ડર ઈન ડયુકોર્સને નાંણાની ઉકત રકમ ચુકવી આપવામાં નિષ્ફળ નિવડયો હોવો જોઈએ.

(૧૧) ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ અન્વયે સેટલ થયેલ ઉપરોકત કાયદાકીય હકીકતના સંદર્ભમાં ફરીયાદી તરફથી રજુ કરવામાં આવેલ પુરાવો અને તે પુરાવા અન્વયે ટ્રાયલ કોર્ટ ધ્વારા આપવામાં આવેલ ચુકાદામાં જણાવેલ કારણો અને તારણો જોવામાં આવે તો ટ્રાયલ કોર્ટ સમક્ષ ફરીયાદપક્ષે આંક–૪ થી ફરીયાદીની સરતપાસનું સોગંદનામુ રજુ કરેલ છે, જેમાં

ફરીયાદીએ આંક–૧ ની ફરીયાદ હકીકતને સ્પષ્ટ સમર્થન આપેલ છે અને ફરીયાદીનો કેસ સ્પષ્ટ છે કે, આરોપીએ ફરીયાદી બેન્ક પાસે જાત–જામીનગીરી ની રૂપિયા એક લાખની લોનની માંગણી કરતા લોન ફોર્મમાં પોતાની તથા બંને જામીનની સહીઓ કરી જરૂરી દસ્તાવેજ તથા ફોટો લગાવી ફોર્મ સબમીટ કરતા ફરીયાદી બેન્ક ધ્વારા આરોપીની આવી લોનની માંગણી મંજુર કરી મુળ આરોપીને રૂપિયા એક લાખની લોન આપવામાં આવેલ અને તે લોનની બાકી રકમની માંગણી કરતા આરોપીએ વાદગ્રસ્ત ચેક આપેલ. જયારે એપેલન્ટ/મુળ આરોપી તરફે એવો બચાવ લીધેલ કે, તેઓએ એડવાન્સ પેટે આપેલ ચેકનો ફરીયાદીએ દુરઉપયોગ કરી હાલની ખોટી ફરીયાદ કરેલ છે, પરંતુ આ સંદર્ભમાં ટ્રાયલ કોર્ટે તેના ચુકાદામાં સ્પષ્ટ નોંધેલ છે કે, આંક–૨૨ વાળા ચેકમાં આરોપીની સહી નથી કે તે ચેક તેમનો નથી તેવો લેશમાત્ર બચાવ લીધેલ નથી અને તેથી સદર ચેક આરોપીએ દેવા ભરપાઈ કરવા પેટે આપેલાનું ફલિત થાય છે અને તે રીતે ફરીયાદી ધ્વારા આરોપી સામેના આક્ષેપીત ગુન્હાના ઉકત તત્વો પુરવાર કર્યાનું સ્પષ્ટ દેખાય છે.

ટ્રાયલ કોર્ટે તેમના ચુકાદામાં લોનની સીકયુરીટી પેટે ફરીયાદીને લોન લેતા સમયે આપેલ કોરા ફકત સહી કરેલા ચેકનો ફરીયાદપક્ષે દુરઉપયોગ કરેલાનો જે બચાવ લીધેલ છે તે સંદર્ભમાં ટ્રાયલ કોર્ટે નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૨૦ નું વિવરણ કરી જે કારણો અને તારણો આપેલ છે તથા તેવા કારણોના સંદર્ભમાં નામદાર ગુજરાત હાઈકોર્ટે ૨૦૦૯(૩) જી.એલ.એચ. ૭૪૨ ના ચુકાદામાં પ્રતિપાદિત કરેલ સિધ્ધાંત ધ્યાને લઈ એપેલન્ટ તરફે લેવામાં આવેલ બચાવનું ખંડન થાય તેવો લેશમાત્ર પુરાવો રજુ કરેલ નથી તેવુ આપેલ તારણ યોગ્ય અને ન્યાયી જણાય છે.

(૧૨) ટ્રાયલ કોર્ટે આપેલ કારણો અને તારણો જોવામાં આવે તો ફરીયાદીએ તેમના પુરાવા અને બચાવપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસ થકી કલમ ૧૧૮ તથા ૧૩૯ મુજબનું પ્રારંભીક અનુમાનનું ખંડન આરોપી પક્ષ

વિરૂધ્ધનો પુરાવો રેકર્ડ ઉપર રજુ કરીને તેનું ખંડન કરી શકેલ નથી. વધુમાં ટ્રાયલ કોર્ટે આપેલ તારણ કે, 'જયારે ચેક લખનારની સહી વાળો ચેક આપવામાં આવે ત્યારે ચેક લેનાર ઉપર તે ચેકની વિગતો ભરવાની તેને ઈમ્પલાઈડ ઓથોરીટી મળી જાય છે અને ચેકમાં સહી કરનારે સભાનતાપૂર્વક પોતાના ખાતાનો ચેક પોતાની સહી કરીને જયારે આપેલ છે ત્યારે ચેકમાં સહી સિવાયના અક્ષરો ચેકમાં સહી કરનારે નહી પરંતુ અન્ય કોઈ વ્યકિતના હોવા માત્રથી દેવાની જવાબદારીમાંથી છટકી શકાય નહી.

વધુમાં ટ્રાયલ કોર્ટનું રેકર્ડ અને ફરીયાદપક્ષે રજુ કરેલ પુરાવો જોતા એપેલન્ટ/આરોપીએ ફરીયાદી બેન્ક માંથી જાત જામીનગીરી પર લોન લીધેલાનું રેકર્ડ જોતા જણાઈ આવે છે અને તે હકીકતનું ખંડન એપેલન્ટ કરી શકેલ નથી. આ સંદર્ભમાં ટ્રાયલ કોર્ટે તેમના ચુકાદામાં કલમ ૧૩૯ નું વિવરણ કરી કલમ ૧૧૮ ના આવશ્યક તત્વોનો ઉલ્લેખ કરી આપેલ તારણ કાયદા મુજબ યોગ્ય અને ન્યાયી જણાય છે. ટ્રાયલ કોર્ટનું સમગ્ર રેકર્ડ અને વાદગ્રસ્ત હુકમ તથા ફરીયાદીની બચાવ પક્ષે કરવામાં આવેલ ઉલટતપાસ જોતા સદર ચેક આરોપીના ખાતાનો નહી હોવાનું કે પોતાની બેન્કનો નહી હોવાનું કે સદર ચેકમાં આરોપીએ પોતાની સહી નહી હોવાનો કોઈ બચાવ લીધેલ નથી ત્યારે સદર ચેક પોતાના કાયદેસરના દેવા પેટે જ આપેલાનું પુરવાર થાય છે. ત્યારે તે હકીકત ધ્યાને લઈ વિધ્વાન મેજીસ્ટ્રેટશ્રીએ સદર ચેક આરોપીએ ફરીયાદી બેન્ક માંથી લીધેલ લોનના કાયદેસરના લેણા પેટે તેમની સહી કરીને આપેલાનું અને તે ચેક પોતાના ખાતામાં પુરતુ ભંડોળ નહી હોવાના કારણે પરત ફરેલાનું સ્પષ્ટપણ ફલિત થતુ હોવાનું વિધ્વાન મેજીસ્ટ્રેટશ્રીએ આપેલ તારણ યથાયોગ્ય છે.

(૧૩) ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૧૮ તથા કલમ–૧૩૯ ચેક સબંધી ખંડનીય અનુમાન ધરાવે છે. અત્રે કલમ ૧૧૮(એ) અને કલમ–૧૩૯ જોવામાં આવે તો :

Section 118(a) Until the contrary is proved, it shall be presumed that every negotiable instrument was made or drawn for consideration and that every such instrument, when it has been accepted, indorsed, negotiated or transferred for consideration.

Section 139 It shall be presumed, unless the contrary is proved, that the holder of a cheque receinved the cheque of the nature referred to in Section 138 for the discharge, in whole or in part, of any debt or other liability.

ઉપરોકત કાયદાકીય જોગવાઈથી સ્પષ્ટ છે કે, ચેક લખનાર સાથેના નાણાંકીય વ્યવહારનું પ્રતિપાદન કરી તેણે લખી આપેલ ચેકોનું એકઝીકયુશન પુરવાર કરે કે તુરત જ કોર્ટે ધી નેગો.ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૧૮(એ) અને કલમ ૧૩૯ મુજબ અનુમાન કરવાનુ રહે અને વિરૂઘ્ધનું પુરવાર થાય નહી ત્યાં સુધી સદરહુ ચેક લખનારે, ફરીયાદી ઘ્વારા પ્રતિપાદીત કાયદેસર દેવા અને જવાબદારી પેટે આપ્યાનું અનુમાન થાય.

It is an established position of law that, once the complainant proves the execution cheques, the statutory provisions contained in sec. 118(a) and sec 139 of the N.I. Act, makes it incumbent upon the court to presume that cheque received by the complainant were in discharge of liability or any other debt, and that the court has to proceed on the basis of this presumption unless it is dislodged by the accused.

ઉપરોકત કાયદાકીય જોગવાઈઓથી સ્પષ્ટ છે કે, ચેક લખનાર સાથેના નાણાંકીય વ્યવહારનું પ્રતિપાદન કરી તેણે લખી આપેલ ચેકોનું એકઝીકયુશન પુરવાર કરે કે તુરત જ કોર્ટે ધી નેગો. ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૧૮(એ) અને કલમ ૧૩૯ મુજબ અનુમાન કરવાનું રહે અને વિરૂઘ્ધનું પુરવાર ન થાય ત્યાં સુધી સદરહુ ચેક લખનારે, ફરીયાદી ઘ્વારા પ્રતિપાદિત કાયદેસર દેવા અને જવાબદારી પેટે આપ્યાનું અનુમાન થાય. અત્રેના કિસ્સામાં પણ ફરીયાદીએ સોગંદનામા સ્વરૂપની સરતપાસથી તથા તેના સમર્થનમાં રજુ કરેલ દસ્તાવેજી પુરાવાથી ચેકનું નિષ્પાદન પુરવાર કરેલ છે. આથી ફરીયાદમાં દર્શાવેલ

તહોમતદારે ફરીયાદીને વિવાદીત ચેક કાયદેસર દેવા કે અન્ય જવાબદારી પેટે આપેલાનું અનુમાન થાય અને તહોમતદાર ઘ્વારા સદરહુ અનુમાનનું ખંડન થાય નહી ત્યાં સુધી તેવુ માનવુ રહયુ. હાલના કેસમાં મુળ ફરીયાદપક્ષે ઉપરોકત આવશ્યક તત્વો પુરવાર કરેલ છે અને અપીલના તબકકે પુરાવાનું પુનઃ મૂલ્યાંકન કરતા જણાય છે કે, આરોપી સીધા પુરાવાથી કે અન્યથા ઉલટતપાસ થી "પ્રિપોન્ડરન્સ ઓફ પ્રોબેબીલીટીસ" ના સિઘ્ધાંત મુજબ પણ તેમની વિરૂઘ્ધમાં નેગોશીએબલ ઈન્સ્ટ્રુકમેન્ટ એકટની કલમ ૧૩૯ ના અનુમાનનું ખંડન કરી શકેલ નથી.

ઉપરોકત ફેકટસ હકીકતના સંદર્ભમાં ટ્રાયલ કોર્ટ સમક્ષ પડેલ પુરાવાનું વિઘ્વાન મેજીસ્ટ્રેટશ્રીએ કરેલ અવલોકન અને તે અન્વયે આપેલ કારણો અને તારણો બિલકુલ યોગ્ય, ન્યાયી અને કાયદા મુજબના હોવાનું વાદગ્રસ્ત હુકમ વંચાણે લેતા સ્પષ્ટપણે ફલિત થાય છે.

(૧૪) આમ ઉપરોકત કાયદાકીય પ્રસ્થાપિત સિઘ્ધાંતો ઘ્યાનમાં રાખી વિઘ્વાન મેજીસ્ટ્રેટશ્રીએ આપેલ વાદગ્રસ્ત હુકમ વંચાણે લેતા ટ્રાયલ કોર્ટ સમક્ષ ફરીયાદીએ પોતાનું કાયદેસરનું લેણુ હોવાનું અને તે લેણા પેટે જ આરોપીએ ચેક આપેલાનું અને તેવો ચેક ફરીયાદી બેન્કે કલીયરીંગ માટે રજુ કરતા આરોપીના ખાતામાં પુરતા ભંડોળના અભાવે તે પરત ફરેલાની હકીકતો સ્પષ્ટ થાય છે.

વધુમાં ટ્રાયલ કોર્ટે તેમના ચુકાદામાં લંબાણપૂર્વક આપેલ કારણો અને તારણો જોતા બચાવપક્ષ ફરીયાદીની ઉલટતપાસના માઘ્યમથી પણ વિરૂઘ્ધની કોઈ હકીકત પુરવાર કરી શકેલ નથી.

It is settled by decision of hon'ble Apex court that the statutory presumption could be rebutted either by leading evidence or bringing facts on record in cross examination of the complainant which could make the case of the complaint improbable that cheque issued in discharge of any debt or other liability or through the document produced and proved throught the complainant.

અત્રે ઉલ્લેખનીય છે કે, આરોપી પ્રત્યક્ષ પુરાવા ધ્વારા અથવા તો ઉલટતપાસના માધ્યમથી સંભવિતતા તથા અસંભવિતતાની માત્રાના સિધ્ધાંત ધ્વારા ઉપરોકત અનુમાનનું ખંડન કરી શકે છે. નામદાર સર્વોચ્ચ અદાલતના તથા નામદાર ઉપરી અદાલતના અનેક ચુકાદાઓથી એવું પ્રસ્થાપિત થયેલ છે કે, આરોપી ફરીયાદીની માત્ર ઉલટતપાસ ધ્વારા પણ "PREPONDARANCE OF PROBABILITY" સિધ્ધાંત થી પુરાવાનો બોજો પોતાના પરથી ફરીયાદીની તરફેણમાં ખસેડી શકે છે, પરંતુ પ્રસ્તુત કેસમાં ટ્રાયલ કોર્ટનું સમગ્ર રેકર્ડ જોતા આરોપી પ્રત્યક્ષ પુરાવાથી કે ઉલટતપાસના માધ્યમથી પણ "PREPONDARANCE OF PROBABILITY" ના સિધ્ધાંત અનુસાર તેની વિરૂધ્ધ થયેલા અનુમાનનું ખંડન કરી શકેલા નથી ત્યારે વિધ્વાન મેજીસ્ટ્રેટશ્રી એ તેમના ચુકાદામાં આપેલ કારણો અને તારણો બિલકુલ યથાયોગ્ય હોવાનું આ અદાલતનું માનવુ છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ટ્રાયલ કોર્ટનું રેકર્ડ જોતા એપેલન્ટ/આરોપી સામે પ્રસ્તુત કેસ દાખલ થયા બાદ અને ફરીયાદીના સરતપાસનું સોગંદનામું ટ્રાયલ કોર્ટ સમક્ષ રજુ થયા બાદ એપેલન્ટ/આરોપીને અવાર નવાર તક આપવા છતાં તેઓ હાજર રહેલા નહી અને ત્યારબાદ તેમની સામે પકડ વોરંટ ઈશ્યુ કરતા તેમની અટક થયા બાદ ફરીયાદીની ઉલટતપાસ કરેલ. તેવી જ રીતે પ્રસ્તુત અપીલના કામમાં પણ એપેલન્ટ/આરોપી માત્ર ટ્રાયલ કોર્ટના ચુકાદાની અમલવારી નહી કરવાના હેતુથી પોતે જાતે કે વકીલશ્રી મારફત હાજર રહેલ નથી અને તે રીતે પોતાની આર્થીક પરિસ્થિતિ ન હોવા છતાં કે પોતાની ત્રેવડ વિના ઉપભોગ હેતુ લોનો લેવી અને ભરપાઈ થાય નહી તેવી ઋ્રુણી સ્થિતિમાં મુકાવુ પડે તેવો આ કેસ છે.

(૧૫) આમ ઉપરોકત તમામ હકીકતો અને સંજોગો તથા નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ અન્વયેની જોગવાઈઓ અને કલમ ૧૩૮ તથા

૧૩૯ ના પ્રબંધો તથા એવીડન્સ એકટની જોગવાઈઓના સંદર્ભમાં ટ્રાયલ કોર્ટે ફરમાવેલ વાદગ્રસ્ત હુકમ જોતા ટ્રાયલ કોર્ટ સમક્ષ ફરીયાદપક્ષે પોતાનો કેસ નિઃ શકપણે પુરવાર કરેલાનું અને તેથી એપેલન્ટ/આરોપીને ક્રિ.પ્રો.કોડની કલમ ૨૫૫(૨) મુજબ તેમની વિરૂધ્ધના ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ મુજબના ગુન્હાને કામે તકસીરવાન ઠરાવી છ માસની કરેલ સજા યોગ્ય અને ન્યાયી હોવાનું જણાય છે.

અત્રે મે સજાની અવધિ, સજાનું સ્વરૂપ, દંડ વળતર વિગેરે વિશે પણ વિચારેલુ છે. કેસ લોથી પ્રસ્થાપિત થયેલ છે કે,

"punishment should always be commensurate with offence prove to have been committed by the convict.... It must not be lost sight of that the sentence for the offence u/s.138 of the N.I.Act should be of such a nature as to give proper effect to the object of legislation.... No drawer of cheque can be allowed to take dishonour of the cheque issued by him light heartedly... અત્રેના કિસ્સામાં જોવામાં આવે તો ફરીયાદી બેન્ક નાંણા ધીરધારનું કામ કાજ કરે છે અને આરોપીની જાત જામીનગીરી લોનની માંગણી અન્વયે ફરીયાદી બેન્કે આરોપીને રૂપિયા એક લાખની જાત જામીનગીરી પેટે લોન આપેલાનું જણાય છે તે સંજોગોમાં ફરીયાદી બેન્ક પોતાના નાંણા મેળવવા હંમેશા આતુર હોય તે સ્વાભાવિક છે. ક્રિ.પ્રો.કોડની કલમ ૩૫૭(૩) અન્વયે વળતર કેટલુ ચુકવવુ તેના કેસ લો થી પ્રસ્થાપિત સિધ્ધાંતો છે. મારી દ્રષ્ટીએ આ કેસમાં આરોપીને છ માસની તો **સજા થાય જ છે, ત્યારે** ફરીયાદી બેન્ક કે જે નાંણા ધીરધારનું કામ કરતી હોઈ અને ફરીયાદી બેન્ક ગુજરાત કો.ઓ.સોસાયટી એકટ હેઠળ નોંધાયેલ સહકારી બેન્ક છે અને તેના એકાઉન્ટીગમાં બેડ લોન્સ સબંધી જોગવાઈઓ કરવામાં આવેલ હોય છે તેથી તેને વળતર આપવાનું જરૂરી જણાતુ નથી અને તે સંજોગોમાં ટ્રાયલ કોર્ટે આરોપીને વળતર ચુકવવાનો કરેલ હુકમ યોગ્ય અને ન્યાયી હોવાનું જણાતુ નથી, તે સિવાય તમામ રીતે વિવાદીત હુકમ યોગ્ય છે.

(૧૬) આમ ઉપરોકત કાયદાકીય પ્રસ્થાપિત સિધ્ધાંતો ધ્યાનમાં રાખી વિધ્વાન મેજીસ્ટ્રેટશ્રીએ આપેલ વાદગ્રસ્ત હુકમ વંચાણે લેતા ટ્રાયલ કોર્ટ સમક્ષ ફરીયાદી બેન્કએ પોતાનું કાયદેસરનું લેણુ હોવાનું અને તે લેણા પેટે જ આરોપીએ ચેક આપેલાનું અને તેવો ચેક ફરીયાદી બેન્કે કલીયરીંગ માટે રજુ કરતા આરોપીના ખાતામાં પુરતા નાંણા ભંડોળના કારણે રીર્ટન થયેલાની હકીકતો સ્પષ્ટ થાય છે, ત્યારે વિધ્વાન મેજીસ્ટ્રેટશ્રીએ તેમના ચુકાદામાં આપેલ કારણો અને તારણો બિલકુલ યથાયોગ્ય હોવાનું અને તેથી એપેલન્ટ/ આરોપીને ક્રિ.પ્રો. કોડની કલમ ૨૫૫(૨) મુજબ તેમની વિરૂધ્ધના ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ મુજબના ગુન્હાને કામે તકસીરવાન ઠરાવી છ માસની સાદી કેદની સજા યથાયોગ્ય હોવાનું અને તે હુકમમાં કોઈ ગેરકાયદેસરતા આચરેલ હોય કે તેમની સમક્ષ પડેલ પુરાવાનું કાયદાની જોગવાઈ મુજબ યોગ્ય અર્થઘટન કરેલ ન હોય કે તકરારી હુકમ ગેરકાયદેસરનો, વીધાઉટ પ્રોપર એપ્લીકેશન ઓફ માઈન્ડ હોવાનું કે કાયદાની જોગવાઈઓ વિરૂધ્ધનો હોવાનું અને તેથી તેમાં કોઈ પરવરસીટી હોવાનું જણાતુ નથી. જયારે અગાઉ ચર્ચા કર્યા મુજબ ફરીયાદી બેન્ક કે જે નાંણા ધીરધારનું કામ કરતી હોઈ અને ફરીયાદી બેન્ક ગુજરાત કો.ઓ. સોસાયટી એકટ હેઠળ નોંધાયેલ સહકારી બેન્ક છે અને તેના એકાઉન્ટીગમાં બેડ લોન્સ સબંધી જોગવાઈઓ કરવામાં આવેલ હોય છે તેથી તેને વળતર આપવાનું જરૂરી જણાતુ નથી અને તે સંજોગોમાં ટ્રાયલ કોર્ટે આરોપીને વળતર ચુકવવા પુરતો કરેલ હુકમ યોગ્ય અને ન્યાયી હોવાનું જણાતુ નથી, તેમ માની પ્રસ્તુત અપીલના કામે તેટલા પુરતો હસ્તક્ષેપ કરવો ઉચિત હોવાનું માની ઉપરોકત મુદ્દા નં.૧ નો નિર્ણય તે રીતે નકારમાં આપી મુદ્દા નં.૨ અન્વયે નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

—// <u>હુ ક મ</u> //—

(૧) હાલની આ ફોજદારી અપીલ નં.૨૩૯/૨૦૧૭ આથી નામંજુર કરવામાં આવે છે અને રાજકોટના વિધ્વાન બારમાં અધિક ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટશ્રીએ તેમની સમક્ષના ફોજદારી કેસ નં.૧૬૬૪/૨૦૧૫ ના કામે આંક—૩૮ અન્વયે તા.૦૬—૧૧—૨૦૧૭ નાંરોજ આરોપીને ક્રિ.પ્રો.કોડની કલમ ૨૫૫(૨) તેમની

વિરૂઘ્ઘના ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ મુજબના ગુના સબબ એપેલન્ટ/આરોપીને તકસીરવાન ઠરાવી કરેલ સજાનો હુકમ કાયમ રાખવામાં આવે છે.

જયારે એપેલન્ટ/આરોપીને ક્રિ.પ્રો.કોડની કલમ ૩૫૭(૩) અન્વયે ફરીયાદી બેન્કને વળતર પેટે રૂપિયા નેવુ હજાર ચુકવવાનો કરેલ હુકમ આથી રદ કરવામાં આવે છે અને તેટલા પુરતો વાદગ્રસ્ત હુકમમાં ફેરફાર કરી બાકીનો હુકમ કાયમ રાખવામાં આવે છે.

(૨) આ ચુકાદાની એક નકલ સાથે નીચેની અદાલતનું અસલ રેકર્ડ અને પ્રોસીડીંગ્ઝ તાત્કાલીક નીચેની કોર્ટમાં પરત કરવા.

(૩) એપેલન્ટ/આરોપીને આદેશ કરવામાં આવે છે કે, તેણે આ ચુકાદો જાહેર કર્યાની તારીખથી દિન–૧૦ માં ટ્રાયલ કોર્ટ સમક્ષ સરન્ડર થવુ અને જો એપેલન્ટ/ આરોપી ઉકત સમય મર્યાદામાં ટ્રાયલ કોર્ટ સમક્ષ સરન્ડર ના થાય તો, ટ્રાયલ કોર્ટે તેને પકડ વોરંટના આધારે પકડી મંગાવી જયુડીશ્યલ કસ્ટડીમાં મોકલવા વોરંટ ઈશ્યુ કરવાને છુટ રહેશે.

આ ઠરાવ આજરોજ તારીખ ૨૩ માર્ચ, ૨૦૧૮ નાંરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : રાજકોટ
તારીખઃ ૨૩–૦૩–૨૦૧૮

(હર્ષ બાલકૃષ્ન ત્રિવેદી)
૭માં એડીશનલ સેશન્સ જજ
રાજકોટ.
કોડ નં.જીજે–૦૦૫૭૬